સ્વર્ગવાસી માતૃતુલ્ય ભાગબાઈના સ્મરણાર્થે ભેટ.

એક હૃદયદ્રાવક કથા.

कस्तूरी.

લેખક પુનશી અરજણ,

સદરહુ પુસ્તક ધુલીઆ આગ્રારોડ ઊપર તુળશીદાસ ગોવીંદ જોશીએ 'આર્યાવર્ત' છાપખાનામાં છાપી

શા. પુનસી અરજુન

એઓએ ધુલીઆમા પ્રસિદ્ધ કીધુ.

कन्याविक्रय, वृद्धविवाह, जगांतली अनिती दाखविणारें
“ सुंदरी अथवा अनितीचें जग ” पुस्तक अवश्य वाचा
किंमत ८ आणे [illegible] आणे.

पुनशी अर्जून शहा—धुळें.

अभिप्राय.

“सुंदरी अथवा अनितीचें जग” पर हमारा अभिप्राय.

उपरोक्त नामका नाटक कर्ता की ओरसें हमको अभिप्रायार्थ मिला. उसको हमने आदिसे अन्ततक पढा. वास्तवमे सामाजिक सुधारेके बारेमे कर्ताका उद्देश सराहनिय व प्रशंसनीयहे, यद्यपि यह ग्रंथ मराठी भाषमे होनेसे हम व्याकरणसंबंधी गुणदोषके बारेमे कुच्छभी कह नही सकतें और नाटक दृष्य काव्य होनेसे रंगभुमीपर प्रयोग होनेमही उसकी खरी खुबी समझी जा सकती है. तथापि जो कुच्छ उन्नतीक विचारोमों जो प्रयत्न किया है, वह यथा तथाभि श्लाघनीयहे. यद्यपि ग्रंथकर्ताकी भाषा कच्छी एवं गुजराथी है तथापि अन्य भाषमें ग्रंथ लिखनेसे बहुभाषा विज्ञताका परीचय होतहे. जैसी महाराष्ट भाषाकी सेवा की, इसी तौर कोई अच्छा धार्मिक विषय मातृभाषेमे लिखके स्वधर्म एव स्वभाषाकी सेवा करेंगे, ऐसी आशा हे.

जैनश्वेतांबर मंदिर
धुलिया—खानदेश.
ता. ५-९-१९११.

जैनश्वतांबर धर्मोपदेशक,
बालचंद्र मुनी.



शा. पुनमी अर्जुन. धुळे - खानदेश.

सुदर्शन अथवा अर्वाचीन जग, याचे कर्ते.

અર્પણ.

પરમપૂજ્ય માતૃતુલ્ય પ્રેમ દર્શાવનાર

સ્વર્ગવાસી ભાગબાઈ,

આપના માતૃતુલ્ય અનહદ પ્રેમવશ થઈ આ લઘુ

પુસ્તક આપના ચર્ણુંમા અર્પણ કરૂંછુ.

આપનો સ્નેહાંકિત,

બાલક-પુનશી.

આએ કથા કોઇને ઊદ્દેશીને લખવામા આવી નથી, છતાં તેવુ કોઇને જણાય તો તે ·ાટે લેખક ક્ષમા મ ગે છે.

॥ શ્રીપરમાત્મને નમઃ ॥ શ્રીવીરાય નમઃ ॥

એક રહૃદયદ્રાવક કથા.

कस्तुरी.

પ્રકરણ ૧ લું.

હરીગીત-છંદ.

નજરે નીહાળી જો અરે દુઃખી થનારી બાળ છે.
આંખે જુએછે જન સહુ પાપી પિતા ચંડાળ છે.
નિજ હાથથી નિર્દોષ કન્યા વૃદ્ધને વેચેજ છે.
પુનશી કહે એવા જનોને વાર હજાર ધિક્કાર છે.

આપણી કથાને ઘણો લાંબો વખત થયો નથી. ચૈત્ર માસની એક અજવાળી રાત્રે ભવાનીપુર નજીકના નરસીંગપુર નામક નાના ગામડામાં વસતા કંજુસલાલના ઘરે ત્રણ જણા. કંઇક અગત્યની વાતોમાં ગુંથાયલા નજરે પડેછે.

આજે મારાપર મારા પુત્ર લંપટલાલનો પત્ર છે તેમાં આપની કન્યા કસ્તુરી સાથે લગ્નગાંઠથી જોડાવા. વિચાર કરયો છે મારો પુત્ર લંપટલાલ ઘણોજ હુશીયાર, જુના વિચારનો અને એક પચાશ વર્ષનો યુવાન છે એક જણે પુત્રને વખાણતા અને વાત છેડતા બકી દીધું.

અમારી કન્યા કસ્તુરીનો વિવાહ કરવા અમને હરકત નથી, પણ, આપના ચિરંજીવની પચાશ વર્ષની વય જોતા

અમોને વિચાર ભરેલું લાગેછે. "પણ" બીજાએ હરકત દેખાડતા કહયુ.

પણ શું, સમજ્યો! આપને પૈસા જોઇએ છે તેજને! તમોએ કહયુ હતું જે મને પૈસાની જરૂર છે. તો વગર મહેનતે ઘરના નાણા થાય, ને સુખી થાઓ તેમા શાનો વિચાર અને હરકત? પહેલાએ પૈસાનો લોભ દેખાડયો.

પુરતા પૈસા મલે તો કાઇજ જોવુ નથી, અને વિચાર "પણ" કરવો નથી. બીજો લોભને વશ થતા બકયો.

તો શો વિચાર છે તે જણાવશો? પહેલાએ વિચાર પુછતાં બડબડ કરયું રૂપીઆ ત્રણ હજાર. કીંચિતપણ કમતી નહી. બીજો ત્રીજાભણી નજર ફેકતા બોલ્યો.

હાં! ભાઈ યોગ્યજ કહયુ. ત્રીજાએ પુષ્ટી આપી.

એથી ઓછા તો નહિજ ને? પહેલો લવારો કરતા બોલ્યો.

ના નહિજ. બીજાએ નકકીપણુ જણાવ્યું.

તો ઠીક છે મુબઈ પત્ર લખી રૂપીઆ મંગાવી આપુ છુ. ત્યાંસુધી થોભજો, પહેલો નકકીપણુ કરતા બોલ્યો.

મંગળવાર પર્યંત થોભશુ બીજાએ કરારનો દીવસ જણાવ્યો.

મંગળવારે દુધ શાકર ને રૂપીઆ સાથે સમજ્યા! પહેલાએ બકબકારો કરયો.

બેઉ જણાએએ એ શબ્દોને આનંદથી વધાવતા બોલ્યા. "ઠીક" ભલે ત્યારે રજા લઊછુ એમ કહી રજા લઇ ઘરે ગયો અને પુત્રપર પત્ર લખ્યો આપણી વારતાનો અગરેસર જે લોબીલાલ તેને ત્રણ કન્યાઓ છે. વિલાસ, કસ્તુરી, અને એક બારેક માસની નાની દુધ પિનારી બાળા છે વિલાસનુ સગપણ

અને વિવાહ એક વીશ વરશના યુવાનીયા સમજુલાલ સાથે રૂપીઆ સોળશે લઈ કરેલ છે સમજુલાલ ઘણોજ સમજુ અને હુશીયાર, લાંબો વિચાર કરનાર માણસ છે એ પૈસાની કમાવાની ખાત્રી છે સ્વકમાઈવર ગુજરાન ચલાવનાર ને બાહોસ છે બીજી જે કરતુગી જેની હાલ ઊમર વરશ દશની છે. તેનાજ વેવિશાલ વાસ્તે ઊપરોક્ત ત્રણે જણા મલી' વાતો કરતા હતા એ વાચનારથી અજાણ્યુ નહિજ હોય છતા તે મધે એકતો પુત્રીનો પિતા લોભીલાલ, બીજો તેનો બધુ કજુસલાલ તો ત્રીજો સ્વપુત્રની આશાઓ પુરણ કરાવવા અને નાની બાળા ને દુખી કરાવવા તઈઆર થએલ. લપટલાલનો પિતા અઘોરીલાલ છે.

પ્રકરણ ૨ જું.

સમજુલાલ.

શારદુલ વિક્રીડીત

પાળી પોષી પ્રિય પુત્રીને પ્રાતથી હૈયે રમાડી સદા.
માનેના કહો કોઈ કહુ શીખજો, વેઠે પછીઆપદા.
નિજ તનયાને પિતૃઓ વેચતાં, દયા નથી લાવતાં.
અરરર શો અપરાધ આબાળનો પૈસા લઈ આપતાં.

સમજુલાલ કે જેની થોડી માહિતી પહેલાં પ્રકરણમાં આપેલ છે. તે લગ્ન કરયા પછી ભવાનીપુરમાજ રહેતો હતો. તેને ઊપરોક્ત વાત સાભળવામાં આવતા. તરતજ નરશીંગપુર જઈ સમજાવી ઠેકાણે લાવવા પ્રયત્ન કરવો, એમધારી નરસીંગ-

પુર જઇ પહોંચ્યો. સસરા લોભીલાલને મલી આવકાર પ્રશ્ન થયા બાદ આજુ બાજુની વાતો કરતા સમજુલાલે કહયું.

મે સાભળયુ "કસ્તુરી" નું વેવિશાળ કરયુ ?

હા, એમ છે ખરૂં. લોભીલાલે ઠાવકે મ્હોડે જબાબ દીધો.

કોની વેરે ? સમજુલાલ. જાણે કાંઇ જાણ્યુ નો ન હોય તેમ પ્રશ્ન કરયો.

આપણી પડોસમા વસતા. અઘોરીલાલના પુત્ર લંપટલાલ જોડે લોભીલાલે ખુલાશો કરયો

અરરરર ! આપે આશુ કરયું ? હું કડવા શબ્દો સભળાવીશ, મારા આ ઊકળતા રહદયે, આ બાળાની દયા ખાતર, જે કાંઈ કહુ તેપર વિચાર કરજો. અને આ બાળાનો ઊધ્દ્ધાર કરજો, હું ગમે તેમ તોપણ આપનો અજાન અણ સમજુ બાલક કહેવાઊં, મારે કહેવું એ કેટલુ ભુલ ભરેલુ છે છતા રીશ આવે દબાવજો, મારાપર ગુસ્સે થજો. પણ, તમારી બાળાને સંભાળજો, સમજુલાલે કાઇક ખુલાશો કરયો

આપ તો મારાથી નાના છો ! અને વળી જમાઈ એટલે અમને ગુસ્સો શાનો લાગે લોભીલાલ બોલ્યો.

આપે એવુ નીચ કૃત્ય કરયુ છે કે આપ કસાઈ અને ચડાળથી પણ નીચ છો. આ દશ વરશની અજ્ઞાન બાળા, કે જેને લગ્ન શુ, સસરા શુ, પતિ શુ, વિચાર કરો કે કેટલી અજ્ઞાન છે છતાં આપ લપટલાલ સાથે પરણાવશો ? તમારી અને લપટલાલની વયમા કેટલો ફરક છે, તેની તપાશ કરો મને દેખાય છે, કે લપટલાલને પરણાવવા કરતા જો આપજ પરણોતો

સારી વાત છે. લંપટલાલની વય પચાસ પંચાવનની અને કસ્તુરીની વય દશની ! અહાહા, કેવી જોડી, કેમ કાંઈ ધ્યાનમા આવ્યુ, પાળેલ, પોષેલ, હાથોમા નનપણથી રમાડેલ તેને કુવામા હડસેલશો ? લંપટલાલ કે જે આજકાલમાં યમધામની પવીત્ર યાત્રાએ જવા તૈયાર થશે તેને વીધવા બનાવવાને આપવા કરતા ગળે નખ દઈ પરણાવો તો વધારે સારૂ કાંઇક વિચારો ને આ અજ્ઞાન બાળ ને બચાવો સમજુલાલ સમજાવતા બોલ્યો.

આપે કહયુ તે યોગ્ય છે પણ મારા બધુની જબાન ગઇ છે તો ના કેમ પડાય ? લોભીલાલ બોલ્યો

ના ! અને તે કેમ પડાય ! કહેતા આવેછે વિચાર ! લગાર પકડશો આચાર, તોજ રહેશે શરમ, લપટલાલ અને તેનો પિતા અઘોરીલાલ પણ થશે નરમ હજુ મગળવારનો વાયદો છે તો સફ ના કહો અને બિચારીને યોગ્ય પતી મેળવી યોગ્ય વયે પરણાવીને સુખી રહો બીચારી બાળાપર દયા લાવો અને સ્વધરમ રક્ષણ માટે અભયદાન પુન્યનો લ્હાવે લ્યો. (અરેરે ઓ ભારતભુમી તારાઊપર હજાગે નર પવિત્ર થયા, તેજ ભુમાતાપર આજે એવા નીચ કસાઇઓ પેદા થયા કલજુગ, અરે તારો સાપાટો કેવો ભયકર થયો, લોભ તનો દદવાળી,) અરે નરપિશાચ કઈ દયા આવી કે નહી. સમજુલાલે કેટલુક સમજાવ્યુ .

એમા અમે શુ ખોટુ કરયુ છે ખેતરમા પાકેલ ધાન્ય કણબી લોકો વેચે તેમ અમ અમારી સસારરૂપી ખેતરમાથી પાકેલ ધન્ય વેચવુ એ અમારી મરજીઊપર આધાર છે લોભીલાલે બચાવરૂપી શબ્દો કહયા.

અરે કસાઈ કણબીલોક ધાન્ય ન વેચે તો મનુષ્યો શુ

આશે. પથરા, કે માટી, પણ એમનાં કાંઈ વિચાર તો કર કે તારી પુત્રી કઈ ખાવાનો પદાર્થ છે કે? ઉપરના શબ્દો એનતા તારી જીભ કેમ કાયમ રહી તે જણાતુ નથી, માટે હજુ માઇ .વચાર કર, નહીંતો પસ્તાવવું પડશે, અને હેરાન થવુ જોઇશે. સમજુલાલે મનમાં જણાવ્યુ

જમાદારરાજ, બરાબર કહ્યુ જો મંગળવારના રૂપીઆ ન આવ્યા તો સારૂ ના કહીશુ, માટે થોભ પડો બોબીલાલે કરગરતા ચુ ' રામવા કહ્યુ

ત્યાર બાદ બીજી વાતો થઈ સમજુલાલ રજા લઈ ભવા-નીપુર આવ્યો ત્યા સાંઝના પત્ર મળ્યુ કે —

'રૂપીઆ આવી ગયા છે નાઇલાજે વેવીશાળ નકી કર્યુ''

લા૦ લોભીલાલ

લાચાર બીચારી બાળાનુ નશીબ માઠુ, થેડી વાર અફસોસ કરતા બેસાયો ને બીજાની મદદ નહી હતી તેથી ગપચુપ બેસવુ પડયુ

પ્રકરણ ૩ જું.

લંપટલાલ.

म्हाता-या अविचार हा तू कां केला ।
रुपये खर्चूनी व्यर्थचिकां भ्रपुनी गेला ॥
रति-आशेला भूलुनी तू-लपविले धर्म सुनीतीला ।
न शरम तुला ॥ १ ॥

"सुदरी अथवा अनीतीचें जग"

લંપટલાલ ખરેખર નામપ્રમાણે પોતાની દુષ્ટ વાસનાએ, તૃપ્ત કરવાના વિચાર માટેજ પિતાપર પત્ર લખેલ હતા તેના પ્રત્યુત્તરનીજ વાટ જોતો બેઠો હતો એટલામા પોસ્ટમેને પુકારો કરયો "લંપટલાલ અઘોરીલાલ" તરતજ હાથ ઉચોકરી પત્ર લીધો ને વાચ્યો —

ચી૦—લંપટલાલ.

તારા લખાણુમુજબ આજ રોજે તારા વેવિશાલનુ સોબીલાલની કન્યા કસ્તુરી વેરે નક્કી કીધુ છે રૂપીઆ ત્રણ હજાર દેવા, અને તે મંગળવારે, માટે આ પત્ર વાંચી તરતજ રૂપીઆ ત્રણ હજાર મોકલજે. નહીંકા કરેલ મહેનત વ્યર્થ જશે.

લા૦ અઘોરીલાલના આશિશ.

પત્ર વાચ્યુ, પાઘડી પેહેરી, ખો ખો અવાજ કરતા, બગલમાં એક પોટલુ લઈ બાહેર પડયા અને એક મારવાડીને ત્યા જઇ પોટલુ મુકી રૂપીઆ ત્રણ હજાર લાવ્યા. અને તે મોકલી પત્ર લખ્યો.

તીર્થરૂપ પિતાશ્રી

"પત્ર મલ્યો, આપની સુચના પ્રમણે રૂપીઆ ત્રણ હજાર મોકલાવ્યા છે. તો હવે લગ્નદીવસ નક્કી કરી તરત જબાબ લખશો તો વિવાહ સામગ્રીની તયારી કરૂ

લા૦ આપનો બાલક—લંપટલાલ.

ઊછળતી આશાએ પત્ર ટપાલમા નાખ્યો ને વિવાહ સામગ્રી તયાર કરવા લાગ્યો.

પ્રકરણ ૪ -થું.

સુધારવા પ્રયત્ન કરો.

હરિગીત ૭૬.

અધમ નર જે કૃત્યો કુડાં જગમાંહી જે આચરે.
તેને હઠાવો વહાલથી ઓ! બાંધવો આગ ખરે
સુધારવો નિજ હસ્તમાં છે વ્યર્થ વિધાતા વાંક છે.
અબળાઓ સબળા થઇ જશે એહ આશીર્વાદ છે.

સર્વ સ્થળે ધ્યાન દઇ તપાસ કરશો તો મોટા ભાગે વીધવા એજ જણાય છે તે શા કારણથી તો મુખ્ય જણાશે કે "બાળ લગ્ન અને વૃદ્ધ-વિવાહ" એ રીવાજ આજ કેટલાક વરશોથી ચાલે છે તે આપણી આખે દેખાય છતા, અધ બની ઘરમા બેસી રહેવું, એ કેટલી શરમ ભરેલી વાત છે જ્યાસુધી એ રીવાજ નાબુદ ન થશે ત્યાસુધી વિધવાઓની સખ્યામા વધારો થશે સ્ત્રીઓ કુચાલે ચડશે અને જ્ઞાતી બન્ધુઓના મ્હોડા કાળા થશે.

દરેક ધર્મમા બારીકી યા જાહેરપણાથી તપાસશો તો "અહીંસા પરમા ધર્મ" છેજ અને દરેક જણ હજારો ગાયો બકરા આદી મુગા પ્રાણીઓ બચાવવાની ખાતર મહેનત કરેછે. અને તે કેટલી દક્ષતાથી, એ સહુના ધ્યાનથી બાહેર નહિજ હોય તો આ એક મનુષ્ય જે બોલતુ પ્રાણી તેને સ્વ હાથથી ખાસ વિધવા બનાવવા અને સ્વપેટનુ પોષણ કરવા વેચીએ એ કેટલે દરજે ખરાબ છે! વિચારો. કસાઇ અને ચડાળથી પણ નીચ ન થાઓ, જગતમા હાસી પાત્ર ન બનો, કસાઇ જે હાથ-

મા લાંબી ધ્રુગીઓથી મુંગા પ્રાણીને થોડી વારમાં આ જગત-માથી દુર છે પણ આપણે તો લક્ષ્મી જેવી ગરીબ બાળાને આ જગતમા કાયમ રાખી, રીબાવી, રીબાવી મારવી એ શું કસાઇથીપણ નીચ કૃત્ય નથી ? આગળના વખતમા જે મૃત પછી પાછળ સતીઓ થતી હતી. તે રીવાજ ને આજ હું ખરેખર વખાણીશ કારણ કે એવા ઘાતકી રીવાજથી જીવવું તે કરતા સતી થવું વધારે સારૂ.

દરેક જ્ઞાતીમા એવા સરસ અને કડક કાયદા કરો, પુત્રી-ઓ વેચનારને, તેને પુછી આપનાર દરેક ગૃહસ્થને શીક્ષ એ કરો, અને પુરતી રીતે અટકાવો, હાલ કેટલાક કાયદાઓ થયા પણ એ મૂઢ જનોને તેની દરકાર નથી તો કાયદા કરનારનુ માન શુ ? માટે ખાસ ધ્યાનમા લઈ કાયદો તાજો કરવા આગલ પગલાં ભરો અને બાળાઓને દુ:ખી થતી અટકાવો

મનુષ્યો ભાઇઓ, સુધારાના હીમાયતીઓ, કોમોના અગ્રે-સરો અને દરેક સુવીચાર કરનાર સદ્‌ગૃહસ્થપ્રત્યે એ બાળાઓની વતી મારી વિનતી છે કે, તેવાઓનો અટકાવ કરી અના બાળાઓને બચાવશો ?

ઉપસંહાર.

લગ્ન.

નરસીંગપુરમા આજે મોટી ધામધુમ થઈ રહી છે બન્ને પક્ષો વિવાહોત્સવમાં લીન થયલા છે. શોભીલાલનેહર્ષ ઘણોજ છે બન્ને બાજુવાળાઓ મિષ્ઠાનો જમે છે. લપટલાલ સ્વ

આશાઓ તૃપ્ત થશે માની આનદમા ઊભરાઈ જાય છે અભોગીલાલનુ રહસ્ય પુત્રરત્ન આવી ઘર શોભાયમાન કરશે જાણો લગનમા ભાગ લેનારાઓ જોડે ગામ ગપાટા મારી રહયે. છે

પાચ વાગ્યા વરરાજા લંપટલાલ જરીની પાઘડીને જામા સાથે પ્રધાનપદે આરૂઢ થયેલા એક ભાડુતી માણસને ખભે હાથ દઈ લગનમડપતરફ વિદાય થયા આગળ સુદર બેંડ મધુર સ્વરસાથે બન્ને પક્ષોને ધીક્કારી રહયા છે અને થોડી વારમા સહુ ફરતા ફરતા લગનમડપ તરફ આવી પહોચ્યા

અહીંયા લોભીલાલ સામૈયાથી ગજગજ થઈ વરરાજાને ખમા ખમા અવાજ કરાવતા દાખલ કરયા ચોરી મડઈ બ્રાહ્મણોએ અગ્નીનારાયણ અને પચસમક્ષ સાવધાન કહી કન્યાને લંપટલાલ નામક મડાસાથે પરણાવી દીધી

આ વખતનો રહસ્યદાયક દેખાવ જોતા કોના આખમા આસુ ન આવે? તે સ્થળે જોનાર પૈકી એવો કઠણ હૃદયને કોઈકજ હશે તેઓ વરરાજા અને લોભીલાલ પ્રત્યે ધીક્કારની નજરે જોતા આવકાર દાયક શબ્દોએ વધાવવા મડી પડયા

વરરાજા દશ વરશની બાળાને આગગાડીએ વળાગાડી રજા મેળવી આનદમા સ્વઆશાઓનો મનમા વિચાર કરતો સ્વગૃહ પ્રત્યે વિદાય થયો.

સમાપ્ત.

४१३०

अभिप्राय.

आपलें " सुंदरी अथवा अनितीचें जग " हें पुस्तक वाचलें, अत्यंत उत्तम विचाराचें पुस्तक वाचक वर्गासमोर ठेवण्यास आपला प्रथम प्रयत्न तें सुद्धा आपली, भाषा, नसताहि, त्याबद्दल खरोखर धन्यवाद आहे, भाषा सरळ असून रसिक आहे. प्रत्येक देशबंधूस सदरहू पुस्तक उपयोगीं आहे. ह्यात शंकाच नाहीं.

मालेगाव, ता २१।१।११. — आपला, देवजी करसनदास.

आपलें साग्र संगित सुंदरी अथवा अनितीचें जग या नावाचें पाठविलेलें पुस्तक वाचलें नवीन लेखक व आपली मूळ भाषा नसताहि केलेला प्रयत्न स्तुत्य आहे. भाषा सरळ सोपे शब्दांत लिहिलेलें हें पुस्तक लोकाश्रयास पात्रच आहे.

आपला,
K. V. Tokekar,
शिरस्तेदार,
हु. के. कलेक्टर जिल्हा पश्चिम खानदेश.

જાહેરખબર.

મરાઠી ભાષામાં

"સુંદરી અથવા અનીતીચેં જગ."

સદરહુ પુસ્તકમા વૃધ્ધવિવાહ, કન્યાવિક્રય, પૈસાને વૃધ્ધને પરણાવવાથી કન્યા કુચાલે ચડી, અને તેનો શેવટ, સટામાં લાભ કેહાની, વગેરે બાબતોથી ભરપુર અને સગીત છે માટે અવશ્ય વાચો કીંમત આઠ આના, ટપાલ ખરચ બે આના. લેખક પાશેથી મળશે.

લેખક—શા. પુનશી અરજણ, કુલીન

"સુદરી અથવા અનીતીચે જગ" બદલ શ્રીમાન ગુરૂ રા રા શીવજીભાઈ દેવશીહ (શીવાનદ) તરફથી મળેલ એ પત્ર— પુના તા. ૧૧ ૯-૧૯૧૧.

પુસ્તક મળયુ છે ઊપલક જોયુ છે અવકાશે પુ વાચીશ આપની લેખનકળા અને કવીત્વ શકિતીમાટે આ થયો છે. હજીપણ જો એ શકિતીઓ ખીલવવા પ્રયત્ન કર તો જૈન કોમમા ઊત્તમ લેખક અને શ્રેષ્ઠ કવી થઇ શકશો.